**C.C.NO. 1032/2022**

આરોપી વિરૂધ્ધ પાસ પરમીટ વિના દારૂ પીધેલ હાલતમાં મળી આવ્યાનો આરોપ છે.

આરોપીની ગુના સબબ પ્લી લેતા ગુન્હો કબુલ કરતા હોય ગુન્હાની સજાની જોગવાઈથી વાકેફ કરી ગુન્હા સંબંધે પ્લી લેતા આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે અને મૌખીક રજુઆત કરી સંજોગો જણાવી દયા દાખવવા વિનંતી કરેલ છે. જેથી સદર ગુન્હા માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીએ રજુઆત કરેલ છે કે તેમણે હવે વ્યસન છોડી દીધેલ છે. તેઓ કુટુંબમાં એકલા કમાનાર છે. તેમના કુટુંબનાં બાળકોનાં ભરણ પોષણની જવાબદારી આરોપી ઉપર છે જો તેમને જેલની સજા કરવામાં આવે તો તેમની પ્રતિષ્ઠાને ગંભીર હાની થાય તેમ છે તેમજ બાળકોનાં માનસ ઉપર વિપરીત અસર થાય તેમ છે. હવે પછી આવો ગુનો કરશે નહી તેવી ખાતરી આપે છે. તેમજ આરોપી ગુન્હો થવા અંગે પારાવાર પસ્તાવો વ્યકત કરેલ છે તેમજ ભવિષ્યમાં આવો ગુન્હો કરશે નહી તેની ખાતરી આપે છે તેમ જણાવી દયા દાખવવા વિનંતી કરેલ છે.

આરોપીની રજુઆત અને સ્થિતિ તેમજ ગુન્હો થતી વખતના સંજોગો ધ્યાને લઈ તમામ હકીકતો ધ્યાને લેતા કાયદા મુજબ લઘુતમ કેદની અને દંડની સજા કરવામાં આવે તે ન્યાયોચિત નથી.

નામ. ગુજરાત હાઈકોર્ટનાં સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ જી.એલ.આર. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાનાં માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા તથા આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય છે. જેથી આરોપીને સુધરવાની તક મળે.વળી આરોપીને જેલની સજા કરવામાં આવે તો તે રીઢા ગુન્હેગારોનાં સંપર્કમાં આવશે જે હકીકત ધ્યાને લેતા પણ અને કેસનાં સંજોગો ધ્યાને લઈ ન્યાયનાં હીતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપી **દિનેશભાઈ મેપાભાઈ પઠાણ, ઉ.વ.૩૫, રહે. મોટા દહીસરા, તા. માળીયા(મીં)** વાળાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે બોમ્બે પ્રોહી. એકટની કલમ ૬૬ (૧)(બી), અન્વયેનાં ગુના માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂપિયા ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ અને દંડ ભરવામાં કસુર કરે તો વધુ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખાસ બેઠકમાં તારીખ:– ૧૧/૦૨/૨૦૨૩, ના રોજ અદાલત મધ્યે જાહેર કર્યો.

મુકામ: માળીયા(મી).
તારીખ:– ૧૧/૦૨/૨૦૨૩

**(અમિતકુમાર સીંઘ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુ.મેજી.ફ.ક., માળીયા(મી).
U.I.C.:- GJ01295